જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૪/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૨૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૫ કેસ કરી, ૭૩ વ્યક્તિઓને ઝડપી, ૨૬૭ લીટર દેશી દારૂ, ૫૬૩૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૩૨૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૬૪૫ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ ટ્રક કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૩,૯૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૨૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૫૨૯/૨૦૨૬**

શાહપુરઃ હર્ષભાઇ સ/ઓ રાજેન્દ્રકુમાર સોની (ઉ.વ.૨૭)(રહે.નવી પોળ, જૈન દેરાસર સામે સ્વામિનારાયણ મંદિર પાસે નાગોરીવાડ શાહપુર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૪/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડીનો છેડો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.ચૌધરી ચલાવે છે.

એરપોર્ટઃ નરેશભાઈ બચુભાઈ જાતે સોલંકી (ઉ.વ.૪૯)(રહે, કૃષ્ણ કનૈયા એપાર્ટમેન્ટ સરદારનગર આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૪/૨૦૨૬ બપોરના ૧/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશભાઇ મંગુભાઇ ચલાવે છે.

બાપુનગરઃ પિનાકીન પ્રવિણકુમાર બારોટ (ઉ.વ.૪૫)(રહે.સુરજીત સોસાયટી ઇન્ડીયા કોલોની રોડ પંજાબ નેશનલ બેન્ક સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૪/૨૦૨૬ સવારના ૬/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ચૌધરી ચલાવે છે.

નારોલઃ મિહિર દિલીપભાઇ પરમાર (ઉ.વ.૨૪)(રહે.પ્રાર્થનાનગર રો–હાઉસ જુની કોર્ટ પાછળ રંગોલીનગર નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૪/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે રૂમાલ તથા દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરસીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી